
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૬૫ | ૬ ડિસેમ્બર, ૨૦૧૭, બુધવાર ; માગસર વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




# આસમાની આફત ‘ઓખી’

**મોડીરાત્રે સુરત પાસે ‘ઓખી’ હીટ થવાની શક્યતા : જોકે તીવ્રતા ઘટતા નુકસાનની કોઈ શક્યતા નથી : ૧૩૦૦૦થી વધુ નાગરિકોને સ્થળાંતર કરાયું : એનડીઆરએફની છ ટુકડીઓ તૈનાત કરાઈ : દરિયો તોફાની બનવાના એંધાણ : ભારે વરસાદની શક્યતા**



અમદાવાદ, તા.૫

તમિળનાડુ અને કેરળમાં ભારે તબાહી મચાવ્યા બાદ ઓખી વાવાઝોડુ ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે. હાલ નબળું પડેલું ઓખી વાવાઝોડુ મધ્યરાત્રિ બાદ સુરત પાસેના કાંઠામાં ત્રાટકે તેવી શક્યતા છે. હાઈએલર્ટ વચ્ચે મોટી સંખ્યામાં લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. સુરતમાં મોટી સંખ્યામાં લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. એનડીઆરએફની ટીમો પણ તૈનાત કરાઈ છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. તમામ અધિકારીઓની રજા રદ કરવામાં આવી ચુકી છે. ઓખી વાવાઝોડુ નબળુ પડી રહ્યું છે આજે બપોરે ઓખી સુરતથી દરિયામાં ૩૯૦ કિલોમીટર દક્ષિણ-દક્ષિણ પશ્ચિમ દિશામાં છે.જે આજે મધ્યરાત્રીએ સુરત પાસેના દરિયાકાંઠાના સંપર્કમાં આવે એવી સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે.આ સાથે જ સાઈકલોનિકિ સ્ટ્રોમમાં પરિણમેલુ વાવાઝોડુ ડીપ ડિપ્રેશન કે ડિપ્રેશન સર્જશે.જેના પરિણઆમે ૬૦ થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના છે.આ પરિસ્થિતિમાં સંભવિત તમામ પરિસ્થિતિને પહોંચી વળવા સજ્જ એવા વહીવટી તંત્ર દ્વારા લોકોને સલામત અને સાવચેત કરવામાં આવ્યા છે.ખાસ ઝૂંબેશ હાથ ધરીને ૧૩,૦૦૦થી વધુ બોટ સાથે માછીમારોને લાવવામા સફળતા મળી છે.આગામી બે દિવસમાં કેટલાક વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ થવાની સંભાવના પણ વ્યકત

● અનુસંધાન પાન-૫ પર

# ઓખીની અસરથી મુંબઈમાં ધોધમાર વરસાદ

**સ્કુલ અને કોલેજોમાં રજા જાહેર કરાઇ : કોઇ પણ સ્થિતીને પહોંચી વળવા માટે સાવચેતીના તમામ પગલા : ઇમરજન્સી સેલની પણ શરૂઆત કરવામાં આવી**

મુંબઈ, તા.૫

તમિળનાડુ અને કેરળમાં ભારે નુકસાન કર્યા બાદ ઓખી વાવાઝોડની અસર હવે ગુજરાત અને મહારાષ્ટ્રમાં પણ દેખાઈ રહી છે. દક્ષિણ ભારતમાં ભારે તબાહી મચાવી દીધા બાદ ચક્રવાતી તોફાન ઓખીની અસર મુંબઈમાં દેખાઇ રહી છે. મુંબઈમાં ગઈકાલથી ભારે વરસાદ થઈ રહ્યો છે. આજે સતત બીજા દિવસે પણ મુંબઈમાં વરસાદ જારી રહ્યો હતો. જેના કારણે સાવચેતીના પગલારૂપે સ્કુલ અને કોલેજોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. વરસાદ અને તાપમાનમાં ઘટાડો થવાના કારણે માર્ગો પર દરરોજ કરતા ઓછા લોકો નિકળ્યા હતા. ટ્રેનોમાં ભારે ભીડ જોવા મળી હતી. ભારતીય હવામાન વિભાગે આગાહી કરતા કહ્યુ છે કે રાજ્ય સરકારે સિન્ધુ દુર્ગ, થાણે, રાયગઢ અને પાલઘરની સ્કુલ અને કોલેજોમાં રજા જાહેર કરી દીધી છે. મધ્ય રેલવે મુંબઈ ડિવીઝન ના કહેવા મુજબ રાહત અને બચાવ કામગીરીના તમામ સાધનોને તૈયાર રાખવામાં આવ્યા છે. જેમાં દુર્ઘટના રાહત મેડિકલ વાહનો અને જરૂરી ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. સાથે સાથે મધ્ય રેલવેના મુંબઈ ડિવીઝને કહ્યુ છે કે ૨૫૦થી વધારે રેલવે પોલીસ જવાનો અને મહારાષ્ટ્ર રાજ્ય સુરક્ષા દળોને તૈયાર રાખવામાં આવ્યા છે. ભીડને કાબુમાં રાખવા માટે પણ વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. મહારાષ્ટ્ર દરિયા કાઠાના વિસ્તારો અને મંબઈ આ ઓખી વાવાઝોડાન કારણે હાલમાં સુરક્ષિત છે. અરબી દરિયમાંથી ૧૯ માછીમારોને બચાવી લેવામાં આવ્યા છે. દરમિયાન દક્ષિણ ભારતમાં વાવાઝોડા બાદ મોટી સંખ્યામાં લોકો લાપતા થયેલા છે.

● અનુસંધાન પાન-૫ પર



## ઓખીના પડકારને પહોંચવા પગલા

**બેટ દ્વારકા તરફ ફેરી બોટ સેવા બંધ કરી દેવાઈ**

- સુરત શહેર -જિલ્લામાં લોકોને સાવચેત રહેવા ૧૩ લાખથી વધુ મેસેજ કરવામાં આવ્યા
- સુરતમાં આજે શાળા-કોલેજોમાં રજા જાહેર કરાઈ
- સુરત તરફ આવતી અને જતી ૯ જેટલી ફલાઈટ રદ કરાઈ
- સુરતના દાંડી અને ઉભરાટનો દરિયાકિનારો લોકોની અવર-જવર માટે બંધ કરવામાં આવ્યો.
- ૧૪૫ જેટલા ગામોમા અધિકારીઓને તૈનાત કરવામા આવ્યા
- ઓખાથી બેટ દ્વારકા તરફ ફેરી બોટ સર્વિસ બંધ કરવામાં આવી.
- નવસારીમા આવતીકાલે શાળાઓમાં રજા જાહેર કરવામા આવી.
- ભરૂચના દરિયાકિનારે બોટોની લાઈનો લાગી
- સુરતમાં ડુમસ સહિતના બીચ લોકોની અવર-જવર માટે બંધ કરવામાં આવ્યા.
- ભરૂચમાં પણ લોકોને એલર્ટ કરીને સલામત સ્થળે ખસેડવાની કામગીરી કરવામાં આવી.
- ૭,૦૦૦થી વધુ અગરીયાઓને સલામત સ્થળે લવાયા
- ૧૩,૦૦૦થી વધુ બોટ માછીમારો સાથે પરત લાવવામાં આવી
- બાકીના માછીમારોને પરત લાવવાની કાર્યવાહી પૂરજોશમાં જારી
- દરિયાકાંઠે ત્રણ નંબરનું સિગ્નલ મુકી દેવામાં આવ્યુ છે.
- ભાવનગર નજીક આવેલા અલંગ શીપ બ્રેકીંગ યાર્ડમાં પણ સલામતીના પુરતા પગલાં લેવામાં આવ્યા છે.
- મોટી સ્ટીમરોને પણ લાંગરી જવા તાકીદ કરવામાં આવી છે.
- ફીશરીઝ અને કોસ્ટગાર્ડ,આર્મી અને નેવીની પણ મદદ લેવામાં આવી રહી છે.
- સુરત જિલ્લાના ૨૯ જેટલા ગામો દરિયાકિનારે આવેલા છે.
- આ ગામોના ૮૯૦ પરિવારોના ૩,૩૬૦ લોકોને સલામત સ્થળે ખસેડી લેવામાં આવ્યા છે.
- સુરતમાં એનડીઆરએફની બે ટીમો તૈનાત કરવામાં આવી છે.
- સુરત નજીક દરિયામાંથી ગેસ કાઢવાની કામગીરી હાલ પુરતી સ્થગિત કરવામાં આવી
- પાંચ ગેસ સ્ટેશનો ઉપર કામ કરતા તમામ લોકોને સલામતીના કારણોસર કાંઠે લાવી દેવામાં આવ્યા છે.
- સુરત શહેરમાં લોકોને સાવચેત અને સલામત રહેવા ૧૩ લાખથી વધુ મેસેજ કરવામાં આવ્યા છે.
- સુરતમા ચાલતી ૫૧૦ બાંધકામોની સાઈટ ઉપર કામ બંધ કરાવાયું
- ભરૂચ, સુરત, નવસારીમાં આવતીકાલે શાળા-કોલેજો બંધ રહેશે.

## ન્યુઝ ટ્રેક

### અન્ના મોદી સરકાર વિરૂદ્ધ પ્રદર્શન કરશે

જાણીતા ગાંધીવાદી અને ચળવળકાર અન્ના હજારેએ જાહેર કર્યું છે કે તેઓ આગામી વર્ષે ૨૩મી માર્ચથી મોદી સરકાર વિરૂદ્ધ પ્રદર્શન કરશે.

### ૨જી સ્પેકટ્રમ સ્કેમ કેસનો ચુકાદો ૨૧મીએ

ચકચાર જગાવનાર ૨જી સ્પેકટ્રમ સ્કેમ મામલે ચુકાદો આગામી ૨૧મી ડિસેમ્બરના રોજ આવવાની શક્યતા છે.

### યુપીના ૧૪ મેયરો પ્રધાનમંત્રીની મુલાકાતે

ઉત્તરપ્રદેશમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભારે જીત બાદ યુપીના ૧૪ મેયરો આજે દિલ્હીમાં પ્રધાનમંત્રી મોદીને મળવા પહોંચ્યા હતા. પ્રધાનમંત્રીએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# વ્યાજદર અંગે આજે મહત્વનો નિર્ણય લેવાશે

**એમપીસીની બેઠક શરૂ : ઇન્ડસ્ટ્રી અને શેરબજાર સહિત તમામ સંબંધિતોની એમપીસીની બેઠક ઉપર નજર કેન્દ્રિત**

મુંબઈ, તા. ૫

આરબીઆઈની પોલિસી સમીક્ષાની બેઠક આજે શરૂ થઈ હતી. આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં આજે બેઠક શરૂ થયા બાદ આવતીકાલે વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવશે કે કેમ તે અંગે નિર્ણયની જાહેરાત કરાશે. ફુગાવાને અંકુશમાં લેવા ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરાશે. તમામ સંબંધિત લોકો એમપીસીની બેઠકમાં પરિણામની રાહ જોઈ રહ્યા છે. ઈન્ડસ્ટ્રી અને શેરબજાર સહિત તમામ સંબંધિતો ઉત્સુકતાપૂર્વક આની રાહ જોઈ રહ્યા છે. ઓક્ટોબર સમીક્ષામાં એમપીસી દ્વારા ફુગાવો વધવાની દહેશત વચ્ચે બેંચમાર્ક વ્યાજદર યથાવત રાખ્યા હતા. વર્તમાન નાણાંકીય વર્ષ માટે વિકાસ દરનો અંદાજ ઘટાડીને ૬.૭ ટકા કરાયો હતો. ઓગસ્ટ મહિનામાં આરબીઆઈએ વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો. આની સાથે જ વ્યાજદર છ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યો હતો. બેંકરો અને નિષ્ણાતોનો મત છે કે, આરબીઆઈ સતત બીજી વખત વ્યાજદરને યથાવત રાખશે. કારણ કે ફુગાવો વધવાની ચિંતા સતાવી રહી છે. ક્રેડિટ રેટિંગ એજન્સી દ્વારા તાજેતરના સમયમાં જ ભારતના આશાસ્પદ ચિત્રને રજૂ કર્યા બાદ સ્થિતિમાં સુધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે.

# અયોધ્યા મામલે સુપ્રીમ કોર્ટમાં ૮મી ફેબ્રુઆરીથી સુનાવણી થશે

**સુનાવણીને ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી સુધી ટાળી દેવાની સુન્ની વક્ફ બોર્ડના વકીલ કપિલ સિબ્બલની માંગણી : સિબ્બલની ઉગ્ર માંગણીથી સુપ્રીમ નારાજ**

નવીદિલ્હી, તા. ૫

સુપ્રીમ કોર્ટમાં આજે અયોધ્યા



વિવાદ ઉપર અતિમહત્વપૂર્ણ સુનાવણી શરૂ થઈ હતી. આ સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટમાં ખુબ જ ગરમાગરમ ચર્ચા અને દલીલબાજી થઈ હતી. સુન્ની વક્ફ બોર્ડના વકીલ કપિલ સિબ્બલે આ મામલાની સુનાવણી ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી સુધી ટાળી દેવાની માંગ કરી હતી. તેમણે સુપ્રીમ કોર્ટમાં દલીલ કરી હતી કે હજુ સુધી કાગળ પરની કાર્યવાહી પણ પુરી થઈ નથી. કોર્ટના આ ચુકાદાની અસર દેશમાં મોટાપાયે થઈ શકે છે. મામલામાં વહેલીતકે સુનાવણીની જરૂરિયાત દેખાતી નથી. ચીફ જસ્ટિસ દિપક મિશ્રાએ આના પર નારાજગી વ્યક્ત કરીને કહ્યું કે, તમામ સંબંધિત પક્ષકારો જાન્યુઆરીમાં સુનાવણી માટે તૈયાર થઈ ગયા હતા અને હવે કહી રહ્યા છે કે, જુલાઈ ૨૦૧૯ બાદ સુનાવણી હાથ ધરવામાં આવે. ચીફ જસ્ટિસે કહ્યું હતું કે, આ પ્રકારની દલીલબાજીથી આઘાત લાગ્યો છે.

● અનુસંધાન પાન-૫ પર




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

# કાશ્મીરમાં ત્રણ ત્રાસવાદીઓ ઠાર

**અમરનાથ હુમલામાં ત્રાસવાદીઓ સામેલ હતા : કાશ્મીર પોલીસ-સેનાને મોટી સફળતા મળી**

શ્રીનગર,તા. ૫

જમ્મુ કાશ્મીરમાં સેના અને પોલીસને મોટી સફળતા હાથ લાગી છે. કારણ કે કાજીગુંડમાં ભીષણ અથડામણમાં ત્રણ ખતરનાક ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. કાજીગુંડમાં બાતમી મળ્યા બાદ સેના, ઓસઓજી અને સીઆરપીએફના જવાનોએ સંયુક્ત ઓપરેશન હાથ ધર્યુ હતુ. જેમાં ત્રણ ત્રાસવાદીઓ ઠાર થયા હતા. ઠાર થયેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકો અને હથિયારો કબજે કરવામાં આવ્યા હતા. માર્યા ગયેલા તમામ ત્રણેય ત્રાસવાદીઓની ઓળખ કરી લેવામાં આવી છે. ઠાર થયેલા ત્રાસવાદીઓ પુરકાન, યાવર બસીર અને અબુ માવિયાનો સમાવેશ થાય છે. ફુરકાન લશ્કરે તોયબાનો કમાન્ડર તરીકે હતો. જ્યારે બીજી બાજુ યાવર બસીર સ્થાનિક ત્રાસવાદી હતો. અબુ માવિયા પાકિસ્તાની ત્રાસવાદી હોવાની માહિતી સપાટી પર આવી છે. ડીજીપી એસપી વૈદ્યે માહિતી આપતા કહ્યુ છે કે ફુરકાન, બસીર અને અબુ માવિયા અમરનાથ પર કરવામાં આવેલા હુમલામાં સામેલ હતા. અથડામણ દરમિયાન એક ત્રાસવાદી ભાગી ગયો હતો. જેને મોડેથી અનંતનાગ જિલ્લામાંથી પોલીસે પકડી પાડ્યો છે. ત્રણેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ અનંતનાગમાં થ્રીજી અને ટુજી સેવા બંધ કરવામાં આવી છે. આ વર્ષે જુલાઈ મહિનામાં અનંતનાગ જિલ્લાના બાનટિંગુમાં બે જુદી જુદી જગ્યાએ અમરનાથના શ્રદ્ધાળુઓને ટાર્ગેટ બનાવીને હુમલો કરવામાં આવ્યો હતો. સાથે સાથે સુરક્ષા જવાનો પર હુમલો કરવામાં આવ્યો હતો.

